ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



ભરતભાઈ પાઠક



કનુભાઈ એસ દવે
પ્રમુખ, માનવ સેવા મંડળ
વક્તા, ગાંધીકથા
ફોન : ૨૩૨૪૯૬૩૯


**વાચકોને વિનંતી**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે બપોરે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## પુસ્તક પ્રાપ્તિ

વિતેલા પાક્ષિક દરમ્યાન 'ગાંધીનગર સમાચાર'ને નીચે મુજબ એક પુસ્તક પ્રાપ્ત થયું છે, જેની સાભાર નોંધ લઈએ છીએ.




**આયુર્વેદોપચાર**

ડૉ. બકુલરાય મહેતા લિખિત અને ગૂર્જર પ્રકાશન, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં વિવિધ રોગોનાં લક્ષણો, એની સારવાર માટેના ઉપાયોની ચર્ચા આયુર્વેદના સિદ્ધાંતોને આધારે કરવામાં આવી છે. મૂલ્ય રૂા. ૨૦૦.









સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બી ખાતે વાર્ષિક સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાલમંદિરથી ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. દોડ, લંગડી, લીંબુ ચમચી, સંગીત ખુરશી, કોથળા દોડ, ચોકલેટ શોધ, દેડકા કૂદ, ઊંધી દોડ, ત્રિપગી દોડ, મૅમરી પાવર, પરપોટા ઉડાડવા, પાણીમાંથી રીંગણ કાઢવાં, માટલાં ફોડ, નિશાનેબાજી, સ્લો સાઈકલીંગ, બૅલેન્સ દોડ, સોય-દોરો, દોરડાકૂદ, વાડકી રેસ, વસ્તુ ફેંક વગેરે રમતો વિદ્યાર્થીઓ માટે આ સ્પોર્ટ્સ ડે અંતર્ગત યોજવામાં આવી હતી. શાળા પરિવારની સહિયારી મહેનતથી આ સ્પોર્ટ્સ ડે સફળતાને વર્યો હતો. કાર્યક્રમના અંત ભાગમાં વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

# મલ્હાર ગૃપે જયપુરમાં ગરબો ગજવ્યો



ગાંધીનગરના મલ્હાર ગૃપ દ્વારા જયપુર ખાતે ભારતીય લોક કલા મંડળના ૬૫મા સ્થાપના દિવસ સમારોહમાં ગુજરાતની અસ્મિતા સમો ગરબો પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. બે દિવસના આ મહોત્સવમાં મલ્હાર દ્વારા બેડા ગરબો પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

# કે. કે. પટેલ વિદ્યાલય ખાતે માતૃભાષા ગૌરવ સપ્તાહની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૨

માતૃભાષા ગૌરવ સપ્તાહની ઉજવણી નિમિત્તે માતૃભાષાનું જ્ઞાન વિશ્વકક્ષાએ સન્માનીયબને તે અન્વયે કે કે પટેલ વિદ્યાલય, કોલવડા શાળાના આચાર્યા ભાવનાબા એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ગુજરાતી ભાષાનું સંવર્ધન થાય તે હેતુ સર વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં ગુજરાતી ભાષા સુલેખન, નિબંધ સ્પર્ધા તથા વ્યાકરણ, ઉચ્ચારણ, આરોહ , અવરોહ, કાવ્ય પાઠન, હળવું કંઠ્યસંગીત, ગદ્ય-પદ્યનું વાચન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં



આવ્યુ હતું. શાળાના ૭૦૦ માણયો હતો, જ્યારે ૪૦ વિદ્યાર્થીઆએ રસપૂર્ણરીતે કર્યક્રમ વિદ્યાર્થીઓએ કાવ્યપઠન, કાવ્યગાન તથા ગદ્ય વાચન માં ભાગ લીધો હતો તેમાં ઉતકૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને અભિનંદન તથા પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

માતૃભાષાનું જીવનમાં મહત્વ તથા ગૌરવ માટે શાળાના શિક્ષક નારાયણભાઈ બી પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકા પ્રવીણાબેન પ્રજાપતિ તથા વિષ્ણુભાઈ ગઢવી દ્વારા કરવામાં આવ્યુ હતું. સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.






મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન નિમિત્તે માધ્યમિક વિભાગ તેમજ પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય ઉજવણી હાથ ધરવામાં આવી હતી. ગુજરાતી શિક્ષક હિંમતભાઈએ આ દિવસનું મહત્ત્વ સમજાવી ગુજરાતી ભાષાની વિશેષતાઓ અંગે વિદ્યાર્થીઓને સમજ આપી હતી તથા તેમની સમક્ષ કવિતા, કહેવતો, શાયરી, ગીત, નાટક, રૂઢિપ્રયોગો, જોડકણાં જેવો ગુજરાતી સાહિત્યનો સમૃધ્ધ વારસો પ્રસ્તુત કર્યો હતો.

## ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે

# પૅન્ટાગ્રામમાં સલીમ-સુલેમાનનું ધમાકેદાર પરફૉર્મન્સ









સંગીતના ક્ષેત્રે સેન્સેશન સર્જનાર અને લાગણીસભર કમ્પોઝીનની રચના કરનાર, સંગીત પ્રેમીઓના જીગરના ટુકડા સમાન, પેન્ટાગ્રામ ૨૦૧૬ના ભાગ તરીકે ગાંધીનગર આવ્યા હતા. પેન્ટાગ્રામ ૨૦૧૬ એ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ)નો વાર્ષિક સમારંભ છે. સંગીત કાર્યક્રમનો ૨૫ લાખ નફો વંચિત બાળકોને ગુણવત્તા યુક્ત શિક્ષણ માટે આશ્રય પૂરો પાડતા વિસામો કીડસ ફાઉન્ડેશનને અપાયો. ભંડોળ ઉભુ કરવાના આશયથી યોજાયેલો આ કાર્યક્રમ રવિવારે જીએનએલયુ ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે યોજાયો હતો. સલીમન-સુલેમાને પોતે કમ્પોઝ કરેલાં તથા અન્ય ગીતો ગાઈને ધૂમ મચાવી હતી.

મંજૂલા પૂજા શ્રોફ, ચેરપર્સન, વિસામો કીડસ ફાઉન્ડેશન જણાવે છે કે "જ્યારે કોઈ ઉમદા ઉદ્દેશથી નાણાં આપવામાં આવે છે ત્યારે તે હંમેશાં લાભદાયી બની રહે છે. વિસામો કીડઝ ફાઉન્ડેશન જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ પૂરૂ પાડે છે અને એ દ્વારા તેમને સશક્તિકરણ તરફ લઈ જાય છે સલીમ-સુલેમાન જેવા સેલીબ્રીટીઝ તેમનુ બહેતર ભવિષ્ય માટેનું સપનુ સાકાર કરવા માટે સહયોગ આપી રહ્યા હોય ત્યારે તેમનો આનંદ બેવડાઈ જાય છે. અમારૂ વિસામો કીડઝ આગામી વર્ષોમાં પણ આવા સમારંભો યોજતું રહેશે.'' સંગીતના આ કાર્યક્મ અંગે વધુ વાત કરતાં સલીમે કહ્યું કે "મ્યુઝિક કમ્પોઝર અને ગાયક તરીકે અમે ક્યારેય કોઈ ચોકકસ પ્રકારના સંગીત પૂરતા મર્યાદિત રહ્યા નથી. અમે અમારી સંગીત રચનાઓમાં હંમેશાં સૂફી, લોકસંગીત, જેવા પ્રકારોને સમાવેશ કર્યો છે. શ્રોતાઓએ અમારા પ્રયાસોને બિરદાવ્યા છે તેનો અમને આનંદ છે. હવે ઉદ્યોગમાં આટલાં વર્ષ રહ્યા પછી, અમારા સહયોગની જેમને જરૂર છે તેવા લોકોને અમે કંઈક પરત કરવા માગીએ છીએ. આ રીતે અમે, જેના નફાથી વિસામે કીડઝ જેવી સંસ્થાને લાભ થવાનો છે તેવા કાર્યક્રમ પેન્ટાગ્રામ-૨૦૧૬ સાથે જોડાયા છીએ.''

# ઈશ્વરના સર્જનમાં એની હાજરી અનુભવીએ




**રસ્તા વસંતના**

"આરત"
વાદળો વિખેરી
તું સૂર્યના દર્શન કરાવે છે
તેમ હે પ્રભુ !
સમસ્ત આવરણો હટાવી
સૂર્ય જેવા તારા મુખના દર્શન આપ !
એમાં છે મારા નેત્રોનો આનંદ...
પ્રાત:કાળે ઝાકળ ખંખેરી
મલકી રહેલા ફૂલને સ્પર્શી શકું છું
એમ હે પ્રભુ !
તારા અલૌકિક ચરણકમલની
દસે સ્નિગ્ધ પાંખડીઓને
પાંપણોથી સ્પર્શી શકું
એમાં છે મારા અસ્તિત્વની સાર્થકતા

- હરીન્દ્ર દવે

આપણા અસ્તિત્વની સાર્થકતા શેમાં છે એ સમજાઈ જાય પછી કશું જાણવા-સમજવાનું રહેતું નથી. રોજિંદા કામકાજની વચ્ચેથી થોડી ક્ષણો માટે પણ આંખ મીંચીને બેસીએ અને મન ધીરે ધીરે શાંત થતું જાય છે. મગજનાં આંદોલનો શમતાં જાય તેમ તેમ ભીતરમાં નીતર્યા પાણી જેવી શુદ્ધ પારદર્શકતાનો અહેસાસ થાય છે.

અને આંખો ખોલીએ ત્યારે પણ એ સ્થિરતા જળવાઈ રહે છે. પરમ તત્ત્વ સાથેના અનુસંધાનનો અનુભવ થાય છે.

અહીં 'આરત' તો એવી છે કે ઈશ્વરના સૂર્ય જેવા મુખનાં દર્શન થાય અને પુષ્પ જેવી કોમળતાવાળાં ચરણોનો સ્પર્શ કરી શકાય.

પણ આપણામાં એ યોગ્યતા ક્યાં છે ? એના માટે તો નરસિંહ-મીરાં-કબીર જેવી પાત્રતા જોઈએ અને સર્વસ્વ ન્યોછાવર કરવાની તૈયારી જોઈએ. આપણે તો ઈશ્વરના સર્જનમાં એની હાજરી અનુભવીએ તોય ઘણું છે.


બગીચામાં ખીલેલાં ફૂલ, વહેલી સવારે એ ફૂલો પર બાઝેલું ઝાકળ અને એ ઝાકળનાં ટીપાંમાં સૂર્યનાં કિરણો પડવાથી રચાતું મેઘધનુષ જોઈ શકીએ એ પણ ઘણી મોટી વાત છે. આપણામાં એ સ્થિરતા ક્યાંથી કે ખીલતાં ફૂલોમાં કે વહેતાં પાણીમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકીએ ?

આપણે તો નતમસ્તક થઈને માત્ર પ્રાર્થના કરી શકીએ કે અમને એવી સહજતા આપો કે નિર્દોષ આનંદ માણી શકીએ; જેમકે ખુલ્લી હવાનો આનંદ, સાંજે પંખીઓ માળામાં પાછાં ફરે તે નીરખવાનો આનંદ, તારાઓ જોવાનો આનંદ, ચાંદની રાતે મુક્ત મને ગીતો ગાવાનો આનંદ, ઉત્તમ રીતે પ્રગટ થવાનો આનંદ કે કંઈપણ બોલ્યા વિના ચૂપચાપ બેસીને આસપાસની શાંતિ માણવાનો આનંદ.

હૃદયસ્પર્શી ગીતોના રચયિતા કવિ હરીન્દ્ર દવેની આ રચના પણ એવો જ સૂર પૂરાવે છે :

'લીલી આ વનરાજી, નીલ નભ ત્યાં નીચે નમીને પૂછે : ક્યાં એ પંખી ગયાં પ્રસન્ન ટહુકા જેના હજી સાંભળું ? વૃક્ષોનાં સ્મિત થૈ બધાંયે વિહંગો ત્યાં તો ઊડ્યાં સામટાં; વૃક્ષો, આભ, વિહંગની અજબ આ જોતો રહ્યો પ્રાર્થના !'





હરીન્દ્ર દવે

# ઈન્ડિયન ઍસોસિએશન ફોર કેનેડીયન સ્ટડીઝના પ્રમુખ પદે પ્રો. જગદીશ જોષી




ગાંધીનગર, તા. ૨૨

ઈન્ડિયન એસોસિએશન ફોર કેનેડીયન સ્ટડીઝએ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર કેનેડીયન સ્ટડીઝના દુનિયાના ૪૦ દેશોમાં આવેલ એકમો પૈકી ભારત સ્થિત એકમ છે. જે કેનેડીયન સ્ટડીઝને ભારતમાં વેગ આપવાનું તેમજ ભારત અને કેનેડાના સબંધોને વધુ મજબુત કરવાનું કામ કરે છે. દુનિયાભરમાં આ એસોસિએશનના સભ્યો આવેલા છે. આ એસોસિએશનના વર્ષ ૨૦૧૬-૧૯ના નવા હોદ્દેદારો નક્કી કરવા માટેની ચૂંટણી કારુન્યા યુનિવર્સિટી, કોઈંબતુર, તામિલનાડુ મુકામે યોજાઈ હતી.

દુનિયાભરમાંથી સભ્યો આ ચૂટણીં માટે હાજર રહ્યા હતા. ડો. ચેતન ત્રિવેદી, ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ ખુબજ રસાકસી ભરી ચૂંટણી યોજાયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે ગુજરાત યુનિવર્સિટીની યુજીસી હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ડ સેન્ટરના પ્રોફેસર અને ડાયરેક્ટર પ્રો. જગદીશ એસ. જોષી ખુબજ ભારે બહુમતિથી જીત્યા હતા. ઉપપ્રમુખ તરીકે આંધ્રપ્રદેશના ગુન્તુર ખાતે આવેલી આચાર્ય નાગાર્જુના યુનિવસીટીના અંગ્રેજી વિભાગના પ્રો. કે.શિલારત્નમણી, મંત્રી તરીકે મુબઈની ભીવંડી ખાતે આવેલી બી.એન.એન.કોલેજના ડો. સુધીર નિકમ, ખજાનચી તરીકે કાલાવાડની ડી. કે. કપુરીયા આર્ટસ એન્ડ એમ. બી. ગાર્ડી કોમર્સ કોલેજના ડો. મુકેશ ભેસાણીયા, કારોબારી સભ્યો તરીકે એમ. એસ. યુનિવર્સિટી વડોદરાના એસોસિએટ પ્રોફેસર ડો. હિતેષ રાવિયા, રાજકોટની એમ. વી. કોલેજના અંગ્રેજી વિભાગના વડા ડો ઈરોશ વાજા તેમજ અમદાવાદના ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટના ડો. મીરાં વસાણી જંગી બહુમતિથી ચૂંટાયા હતા.